# <u>પ્રેસનોટ</u>

## ઈગ્લીશ દારૂનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી રામોલ પોલીસ

## ઈગ્લીશ દારૂની બોટલ નંગ:૧૮૦ તથા ફોર્ડ ફીએસ્ટા ગાડી મળી કુલ્લે કીમત રૂપીયા ૨૪૦૦૦૦/- ના મુદ્દામાલ સાથે એક ઈસમો ઝડપાયો

આજરોજ તા:૨૩/૦૭/૨૦૧૯ ના રોજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબની સુચના આધારે રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગારની પ્રવુતી નેસ્તનાબુદ કરવા તેમજ દારૂ જુગારના કેશો શોધી કાઢવા સારૂ સર્વે સ્કોડના એ.એસ.આઈ રણજીતસિંહ મફતસિંહ બ.નં.૭૭૮૩ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો સહદેવસિંહ મહેન્દ્રસિંહ તથા પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ નાઓની સંયુક્ત બાતમી આધારે બીબીપુરા વાંચ રોડ ખાતે વોચ કરતા આરોપી <u>ભાગ્યેશ કનૈયાલાલ સોલંકી ઉવ:૨૭ રહે:ક્યુ/૧૦૧ જીવણપ્રાણ રેસીડેન્સી સ્વામીનારાયણ પાર્કની સામે નવા નરોડા અમદાવાદ શહેર</u> ને પોતાના કબજાની ફોર વ્હીલ ગાડી ફોર્ડ ફીએસ્ટા નંબર.**GJ.01.KF.1291** મા વગર પાસ પરમીટે ભારતીય બનાવટના <u>વિદેશી દારૂ ની બોટલ નંગ:૧૮૦ કીમત રૂપીયા ૯૦૦૦૦/- તથા ગાડી મળી કુલ્લે કીમત રૂપીયા ૨૪૦૦૦૦/-</u> ના મુદ્દામાલ સાથે પકડી તેમજ દારૂનો જથ્થો મંગાવનાર <u>વોન્ટેડ: (૧) ભરત ખટીક તથા (૨) મુકેશ ઉર્ફે ડોલુ ભોલુજી ખટીક બન્ને રહે:રામરાજ્યનગર ખાડામાં રામોલ અમદાવાદ શહેર</u> નાઓ વિરુધ્ધમાં ધી પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

CS Scanned with CamScanner

# <u>પ્રેસનોટ</u>

## <u>ગણતરીના કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ</u>

## <u>મોબાઈલ ફોન સાથે એક ઈસમ ઝડપાયો</u>

પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તા:-૨૨/૦૭/૨૦૧૯ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના <u>પો.કો લાલજીભાઈ જહાભાઈ તથા પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ</u> નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે રામોલ જશનગરના નાકે જાહેરમા આરોપી <u>નાસીરખાન ગુલાબખાન પઠાણ ઉવ:૪૬ રહે:૪/૨૯ મદનીનગર જનતાનગર પાસે રામોલ અમદાવાદ શહેર મુળવતન ગામ:કાશીન્દ્રા તા:દસક્રોઈ જી:અમદાવાદ</u> ને રામોલ પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૦૭/૨૦૧૯ ઈપીકો કલમ ૩૭૯ મુજબના કામે ચોરીએ ગયેલ વીવો કંપનીનો વી.૧૫ પ્રો મોબાઈલ ફોન કીમત રૂપીયા ૨૯૯૯૦/- ના મુદ્દામાલ સાથે પકડી ઉપરોક્ત ગુનાના કામે આજરોજ તા:૨૨/૦૭/૨૦૧૯ ના કલાક ૨૦/૧૦ વાગ્યે અટક કરી અનડીટેક ગુનો શોધી કાઢેલ છે.

Scanned with CamScanner